ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

-

## જિલ્લાના આદ્યોગિક એકમોમાં અકસ્માતથી એક વર્ષમાં ૧૨ શ્રમયોગીઓના મોત

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ઓદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અક્સ્માત થયા અને આ અકસ્માતમાં કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ આ દરમિયાન કુલ ૯ પ્રાણઘાતક અક્સ્માત થયા હતા. જયારે આ પૈકી ૧૨ શ્રમયોગીઓના મૃત્યુ થયા છે. જયારે આ અન્વયે સરકારે શુ પગલા લીધા તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે ૯ કારખાના ધારા ૧૯૪૮ મુજબ તથા તે હેઠળના ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ની વિવિધ જોગવાઈઓના ભંગ બદલ કુલ ૯ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા સમયાંતરે સલાતમીના પરિબળો અંગેની ચકાસણી સલામતી જાગૃતિ અભિયાન ઉપરાંત રાજય કક્ષાએ સેફટી કોન્ફરન્સનુ આયોજન પણ કરવામાં આવે છે. કારખાનામાં સલામતી દિનની ઉજવણી પણ કરવામાં આવે છે.

- **જિલ્લામાં બે વર્ષમાં વારસાઇ હક્ક માટેની ૨૮૭ અરજી નામંજુર**

ગાંધીનગર જિલ્લામાં વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી કલોલના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે મહેસુલ મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં ૧૧૬૬૨ અરજીઓ મળી છે. જયારે ૧૦૪૨૧ નોંધ મંજુર કરવામાં આવી છે. જયારે ૨૮૭ નોંધ નામંજુર કરવામાં આવી છે. વારસાઇ નોંધમાં પેઢીનામા , સોગંદનામા તથા મરણના દાખલા વગેરે રજુ ન કર્યા હોવાથી નોંધો નામંજુર કરવામાં આવી હોવાનુ પણ તેમણે પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાંવ્યુ છે.

- **નિવાસી શાળામાં ૯૦ ના મંજુર મહેકમ સામે ૩૯ જગ્યા ખાલી**

ગાંધીનગર જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની ૫ નિવાસી શાળાઓ છે. જયારે આ શાળાઓ માટે વિવિધ સંવર્ગનુ મહેકમ ૯૦ નુ છે. જયારે આ પૈકી ૪૨ કર્મચારીઓ તેમજ શિક્ષકોની સીધી ભરતીથી નિમણુંક કરવામાં આવી છે. જયારે ૬ ફીક્સ પગારના છે. માણસાના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે ન્યાય અધિકારીતા મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ આ શાળાઓમાં આચાર્ય સંવર્ગની ૩ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ -૩ ની ૩ મદદનીશ શિક્ષકની ૨૦ મદદનીશ શિક્ષક માધ્યમિક વિભાગની ૧૦ સહીત વિવિધ સંવર્ગની કુલ ૩૯ જગ્યાઓ ખાલી છે.

- **એક વર્ષમાં બાંધકામ સાઇટ પર અકસ્માતમાં ૬ શ્રમયોગીઓના મૃત્યુ**

છેલ્લા એક વર્ષમાં જિલ્લાની કેટલી બાંધકામ સાઈટ પર કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા જયારે આ અકસ્માતમાં કેટલા શ્રમયોગી મૃત્યુ પામ્યા કલોલના ધારાસભ્યા બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા અનુસાર છેલ્લા એક વર્ષમાં જિલ્લાની ૬ બાંધકામ સાઇટ પર ૬ પ્રાણઘાતક અકસ્માત થયા છે. જેમાં ૬ શ્રમયોગીના મૃત્યુ થયા છે. જયારે આ શ્રમયોગીના મૃત્યુ સામે સરકારે બાંધકામ સાઈટના

● અનુસંધાન પાન-૭ પર

# યસ બેંકમાં સ્માર્ટ સીટીના ૩૫ કરોડ રૂપિયા જમા છે

### ૨૫ કરોડની ડિપોઝીટ અને ખાતામાં ૧૦ કરોડની જંગી રકમ

ગાંધીનગર, તા. ૬

વિવાદમાં આવેલી યસ બેંકમાં ગાંધીનગર સ્માર્ટસીટીની રૂ. ૨૫ કરોડની ડિપોઝીટ અને તેના ખાતામાં આશરે રૂ. ૧૦ કરોડ જેટલી જંગી રકમ પડી હોવાની વાતો બહાર આવવા પામી છે.

જો કે આ અંગે તંત્ર દ્વારા સંપૂર્ણ મૌન જાળવવામાં આવી રહ્યું છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટના કામો પર તેની અસરો શું થશે તે તો સમય જ બતાવશે.

મળતી વિગતો પ્રમાણે યસ બેંકમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટસીટી કંપનીએ રૂ. ૨૫ કરોડની ડિપોઝીટ જમા કરાવી છે અને તેના ખાતામાં રૂ. ૧૦ કરોડ જેટલી રકમ છે. સ્માર્ટસીટી અંતર્ગત ૫૦ ટકા નાણાં કેન્દ્ર સરકાર, ૩૦ ટકા નાણાં રાજ્ય સરકાર અને ૨૦ ટકા નાણાં જે તે સંસ્થા દ્વારા ખર્ચ કરવામાં આવતા હોય છે.

ગાંધીનગર શહેરનો સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધી બસ્સો કરોડથી વધુ રકમ ફાળવી આપવામાં આવેલ છે જે નોંધનીય છે.

યસ બેંક પર ગઈકાલથી રિઝર્વ બેંકે કડક નિયંત્રણો લાદ્યા છે. બીજી તરફ આજે દેશના નાણાંમંત્રી નિર્મલા સીતારમણે પર ડિપોઝીટરોને વિશ્વાસ આપ્યો છે કે દરેક ખાતાધારકના નાણાં સુરક્ષિત છે. બેન્કને બચાવવા માટે સરકાર અને રિઝર્વ બેંક સાથે મળી કામ કરી રહ્યા છે. જો કે મનપાના તંત્રએ આ મુદ્દે સંપૂર્ણ મૌન ધારણ કરી લીધુ છે.

# ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રનુ પેપર અત્યંત સરળ વિદ્યાર્થીઓ ખુશ

### જિલ્લામાંથી ૬૭૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી : ૭૯ ગેરહાજર રહ્યા

ગાંધીનગર તા ૬

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો ગઈકાલથી પ્રારંભ થયા બાદ આજે ધો -૧૦ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં રજા હતી જયારે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં આજે આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જિલ્લામાંથી ૬૭૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૭૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આંકડાશાસ્ત્રનુ પેપર અત્યંત સરળ અને પાઠયપુસ્તક આધારિત રહેતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં આજે આંકડાશાસ્ત્રનુ પેપર હતુ પેપર એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષા ૬૭૫૧ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૭૯ વિદ્યાર્થીની હાજરી ઘટી

● અનુસંધાન પાન-૭ પર

# હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી ચાર દિવસ દાહોદ ઝાલોદ રૂટમાં વધારાની બસો દોડશે

### વતન તરફ જતા શ્રમિકો માટે આ બસ સેવા ખાસ ઉપયોગી થશે

ગાંધીનગર તા ૬

હોળી ધુળેટીનુ પર્વ નજીકમાં છે. જયારે હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી શહેરમાં કામ કરતા ખાસ કરીને શ્રમિકો પોતાના વતન તરફ જતા હોય છે. બિલ્ડીંગ સાઈટ પર કામ કરતા મજુરો પણ આ દિવસોમાં રજા રાખે છે. જયારે ઘરઘાટીઓ પણ રાજસ્થાન તરફ પોતાના વતનમાં જતા હોવાથી બસ સેવાનો વ્યાપ વધારી દેવામાં આવે છે. એસ ટી ડેપો દ્વારા પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ દાહોદ, ઝાલોદ અને સંતરામપુર વિસ્તારના રૂટ માટે તા ૬ થી ૧૦ માર્ચ દરમિયાન ખાસ બસો દોડાવાશે. હોળી ધુળેટીના પર્વમાં આ રૂટમાં જતા મુસાફરોની સંખ્યા વિશેષ હોય છે.જયારે વતન તરફ જતા પરિવારજનોને હાલાકી ન વેઠવી પડે તે માટે આ ખાસ બસ સેવાનુ આયોજન કરાયુ છે.

હોળી ધુળેટીના પર્વનો અનુલક્ષી એસ ટી નિગમ દ્વારા વધારાની બસો દોડાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રતિવર્ષ હોળીના પર્વ નિમિત્તે વતન તરફ જતા શ્રમિકોને અનુલક્ષી ખાસ બસ સેવા દોડાવામાં આવે

● અનુસંધાન પાન-૭ પર

### શહેરમાં ''કોરોના''ના ભય વચ્ચે

# બજારમાંથી ફેસમાસ્ક અને હેન્ડ સેનેટાઈઝર ગાયબ..!!!

**શહેરના મેડીકલ સ્ટોર્સ પર મલ્ટીલેયર ફેસમાસ્ક અને હેન્ડ સેનેટાઈઝર ''આઉટ ઓફ સ્ટોક'' બન્યાં : સાદા ફેસમાસ્કના ભાવમાં રૂ. ૫ થી ૧૫નો વધારો : હેન્ડ સેનેટાઈઝર બ્લેક માર્કેટમાં રૂ. ૩૦૦ થી ૪૫૦ના ભાવે વેચાઈ રહ્યાં હોવાની ચર્ચા**



ગાંધીનગર, તા. ૬

વિશ્વ બજારમાં ''કોરોના''નો કહેર વર્તાઈ રહ્યો છે અને આ ઘાતકી વાઈરસે ભારતમાં પણ પગ પેસારો કર્યો છે. સ્પર્શથી ફેલાતા આ ચેપી વાઈરસ સામે લડવા આરોગ્ય વિભાગ સજ્જ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજ્યના પાટનગરમાં જ ફેસમાસ્ક અને હેન્ડ સેનેટાઈઝર બજારમાંથી ગાયબ થઈ ગયાંની સ્થિતિ જોવા મળી રહી છે. શહેરમાં જ્યાં પણ માસ્ક મળી રહ્યાં છે ત્યાં તેના ભાવમાં પણ એકાએક વધારો જોવા મળી રહ્યો છે જ્યારે હેન્ડ સેનેટાઈઝરનો તો સ્ટોક જ ઉપલબ્ધ નથી. બીજી તરફ નાગરિકો સતત માસ્ક અને સેનેટાઈઝર ખરીદવા શહેરની મેડિકલ સ્ટોર્સ પર ધસારો કરી રહ્યા છે.

''કોરોના''થી બચવા સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ગાઈડલાઈન આપવામાં આવી છે જેમાં ફેસ માસ્કનો ઉપયોગ કરવાની અને હેન્ડ સેનેટાઈઝરથી વારંવાર હાથ ધોવાની સલાહ આપવામાં આવી છે પરંતુ ગાંધીનગરના બજારમાંથી થ્રીલેયર અને ફાઈવ લેયર ફેસમાસ્ક તેમજ હેન્ડ સેનેટાઈઝર અદશ્ય થઈ ગયાં છે. વળી, જે સાદા સિંગલ લેયર ફેસમાં ઉપલબ્ધ છે તેના ભાવમાં પણ રાતોરાત રૂ. ૫ થી ૧૫ સુધીનો વધારો જોવા મળી રહ્યો છે. શહેરના સેક્ટર-૨૧ ખાતેના પી. મનુભાઈ મેડિકલ સ્ટોર્સના સંજયભાઈ શાહે જણાવ્યું હતું કે 'જથ્થાબંધ વિક્રેતાને ત્યાંથી જ પુરવઠો પ્રાપ્ત થઈ નથી રહ્યો અને લગભગ દર બીજુ કે ત્રીજુ ગ્રાહક અત્યારે હેન્ડ સેનેટરાઈઝર કે માસ્ક ખરીદવા આવી રહ્યું છે જેથી અમારી સ્થિતિ પણ કફોડી બની છે.'' શહેરના સિવિલ હોસ્પિટલ સંકુલમાં અર્બુદા મેડીકલ સ્ટોર્સના કમલભાઈ ચૌધરીએ જણાવ્યું

● અનુસંધાન પાન-૭ પર

### સિંગાપોરની જેમ ગુજરાત સરકારે ફ્રી માસ્ક વિતરણ ના કરવુ જોઈએ ??

કોરોના વાઈરસ સામે લડવા સિંગાપોરની સરકારે પ્રસંશનીય પગલુ લીધુ હોવાનું માધ્યમોમાંથી જાણવા મળી રહ્યુ છે જેમાં તેમણે ફેસમાસ્ક કે હેન્ડ સેનેટાઈઝરના ભાવ વધારા પર તાત્કાલિક પ્રતિબંધ લાદવા સાથે સરકાર દ્વારા જ નાગરિકોને વિના મૂલ્યે ફેસમાસ્કની હોમ ડિલીવરી પુરી પાડવામાં આવી રહી છે. કોરોના વાઈરસની ગંભીરતા જોતાં ભારતમાં પણ અને ખાસ કરીને ગુજરાત જેવા સમૃદ્ધ રાજ્યની સરકારે નાગરિકોને વિના મૂલ્યે ફેસમાસ્ક પુરા પાડવા જેવી પહેલ કરવી જોઈએ તેવું નાગરિકોનું માનવુ છે.



વાતાવરણમાં આવેલા ફેરફાર બાદ પવનની ગતિમાં વધારો થયો છે. તાપમાનમાં તો ચોક્કસ ઘટાડો થયો છે પરંતુ પવન તેજ રહેતા નગરમાં ઠેરઠેર પાંદડાઓની ચાદર ફેલાઈ ગઈ હતી. ભારે પવનના કારણે શહેરના વિવિધ સેક્ટરોમાં લગાવેલા હોર્ડીગ્સ ઉડી ગયા હતા. ક્યાંક તો હોર્ડીગ્સ ફાટી પણ ગયા હતા. છેક મોડી રાત સુધી પવન વધુ રહ્યો હતો.

# જિલ્લામાં ૮ વર્ષમાં માત્ર ૧૧ હેક્ટર ગૌચર ઘટ્યુ : મહેસુલ મંત્રી

### કલોલના મોટી ભોંયણ ગામે દબાણ અંગે પંચાયત વિભાગે નોટીસ આપી છે : જિલ્લાના ૨૬૩ ગામમાં નિયત માપદંડ કરતાં ઓછુ ગૌચર છે : ૨૭ ગામોમાં ગૌચર જ નથી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા સાતથી આઠ વર્ષ દરમિયાન માત્ર ને માત્ર ૧૧ હેક્ટર જેટલુ ગૌચર ઓછુ છે તેવો સ્વીકાર રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે રાજય વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી દરમ્યાન કર્યો છે.

આજે રાજય વિધાનસભા ગૃહમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નિયત માપદંડ કરતાં ઓછુ ગૌચર ધરાવતા ગામો અંગે કોંગીના માણસાના ધારાસભ્ય સુરેશ પટેલે પુછેલા પ્રશ્નએ ગૃહમાં સારી એવી ચર્ચાઓ થઈ હતી.

ભાજપના શંભુજી ઠાકોરે પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૨૬૩ ગામોમાં નિયત કરાયેલ માપદંડ કરતાં ઓછુ ગૌચર છે. જ્યારે જિલ્લાના ૨૭ ગામોમાં ગૌચર છે જ નહિ.

મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે જે ગામોમાં નિયત માપદંડ કરતાં ઓછુ ગૌચર છે તેમાં ગાંધીનગરના ૭૧, કલોલના ૬૪, માણસાના ૩૪ અને દહેગામના ૯૪ ગામોનો સમાવેશ થાય છે જ્યારે ગૌચર નથી તેવા ગાંધીનગર તાલુકામાં ૬ ગામ, કલોલમાં ૩ ગામ, માણસામાં ૧૬ અને દહેગામના ૨ ગામ છે.

કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ હતુ કે ૨૦૧૫માં ગૌચરની જમીન આપવી નહિ તેવા કોર્ટના આદેશ પછી રાજ્ય સરકારે ચાતુર્યપૂર્વક જે ગૌચર હતા તેને દબાણ હેઠળ બતાવી સરકારી પડતર દાખલ કરી દીધી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે જિલ્લામાં કેટલાય ઉદ્યોગપતિઓને આ ગૌચરની જમીન આપી દેવામાં આવી છે.

જેના પ્રત્યુત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે કોર્ટનો ચુકાદો ૨૦૧૧માં આવ્યો હતો. આ પછી સરકારે આખી નીતિ બનાવી હતી. ગૌચર વિકાસ ફંડ પણ બનાવ્યુ છે. તેમણે એવો એકરાર કર્યો હતો કે છેલ્લા સાતથી ૮ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં માત્ર ૧૧ હેક્ટર ગૌચર ઓછુ થયુ છે તેની સાપેક્ષમાં જિલ્લામાં થયેલ વિકાસને તો જુઓ.

તેમણે જણાવ્યુ હતુ કે ગૌચરની જમીન ફાળવવા માટે ચોક્કસ નીતિ છે. વિશિષ્ટ સંજોગોમાં રોજગારી, જાહેર હેતુ માટે, પ્રજાહિત માટે કોઈ એવો મોટો પ્રોજેક્ટ હોય તો જમીન આપવાની થાય. આ એકમો પાસેથી ગૌચર માટે બીજી જમીન ખરીદ કરવામાં આવે છે અને ૩૦ ટકા પૈસા વધુ વસુલવામાં આવે છે.

કોંગીના જ બળદેવજી ઠાકોરે કલોલ તાલુકાના મોટી ભોંયણ ગામે એક સિમેન્ટ ઈન્ડસ્ટ્રીઝે ૧૦ વીઘા ગૌચરમાં દબાણ કરી ફેક્ટરી ઉભી કરી છે. આ ફેક્ટરી દ્વારા પ્રાયવેટ બીજી જમીન ખરીદી અમે ગૌચર કરવા માંગીએ છીએ તેવા કાગળો સરકારમાં ચાલે છે. આ કેવી વાતો કરે છે સરકાર.

● અનુસંધાન પાન-૭ પર

## આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે બપોરે ૩ વાગે એક મહત્વની બેઠક સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે.

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ બેઠક માટે પાંચ જેટલા મુદ્દાઓ પર ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે. જેમાં ગાંધીનગર શહેરમાં વરસાદી પાણીના સંગ્રહ માટે રિચાર્જવેલ બનાવવાનું ટેન્ડર જે ૧૭ ટકા જેટલું ઉંચું ભરાઈને આવેલ છે તે અંગે નિર્ણય લેવામાં આવશે.

આ ઉપરાંત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આઉટગ્રોથ વિસ્તાર માટે ૨૦૧૯-૨૦માં રૂ. ૩ કરોડની ગ્રાન્ટમાંથી વિકાસ કામો સૂચવી અને દરખાસ્ત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને મોકલવા તેમજ મનપા વિસ્તારમાં પીકઅપ સ્ટેન્ડ બનાવવાના ટેન્ડર પર પણ ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.

# ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રંગોત્સવની ત્રિદિવસીય ઉજવણી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રંગોના પર્વ હોળી ધુળેટી નિમિત્તે રંગોત્સવની અનોખી ઉજવણી કરવામાં આવશે તારીખ ૭ થી ૯ માર્ચ દરમિયાન ઈન્ફોસીટી લોનમાં સાંજે ૭ ૩૦ કલાકે ગુજરાતી હિન્દી ગીતોના કાર્યક્રમ ઉપરાંત અંતિમ દિવસે નાટકનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રજત જયંતી વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. નગરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ પ્રવૃત્તિને વેગ આપવા કલ્ચરલ ફોરમ દ્વારા છેલ્લા અઢી દાયકાથી વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ રજતજયંતિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જાના જણાવ્યા અનુસાર અર્ક વ્યાખ્યાનમાળા બાદ હોળી ધુળેટીના પર્વને ધ્યાને લઈ કલ્ચરલ ફોરણ રંગોત્સવ ૨૦૨૦ની ઉજવણી અંતર્ગત તારીખ ૭ માર્ચના રોજ ઈન્ફોસિટી લોન ખાતે ૭: ૩૦ કલાકે સુપ્રસિદ્ધ ગુજરાતી લોક ગાયિકા કિંજલ દવેના ગીતોનો કાર્યક્રમ યોજાશે. જયારે બીજા દિવસે દિપાલી સોમૈયા અને સમીર દાતે હિન્દી ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ કરશે. જયારે રંગોત્સવના આખરી દિવસે સંજય ગોરડીયા નિર્મિત અને દિગ્દર્શિત નાટક બૈરાનો બાહુબલી યોજાશે. હોળી-ધુળેટી પર્વની ઉજવણી સંસ્થા દ્વારા રંગારંગ કાર્યક્રમો યોજીને કરવામાં આવશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com